# બાળ અધિકાર માટે બાળકો સાથે.....

શૈશવ

બાળ અધિકાર સંસ્થા






# બાળક એટલે શું ?

૧૮ વર્ષથી નીચેની ઉમરની કોઈ પણ વ્યકિતને બાળક કહેવાય.





# બાળકોને આપણે કયા દ્રષ્ટિકોણથી જોઈએ છીએ :

બાળકોએ ફકત આપણાં સંતાન, વિદ્યાથીઓ, ગ્રાહકો અને ભાવિ નાગરિકો વિગેરે નથી પરંતુ સ્વતંત્ર અને આગવું વ્યકિતત્વ છે જે દરેકને પોતાના અધિકારો છે.





# અધિકાર અથવા હક એટલે શું ?




વ્યકિત માટે યોગ્ય અને ન્યાયી તમામ પાયાની જરૂરિયાતને અધિકાર કહેવાય.

દરેક બાળકને સમાનતાના ધોરણે પુખ્તો જેટલા જ સમાન અધિકાર છે.

બાળપણનું પોતાનું મૂલ્ય છે પણ બાળકની કૂમળી વયની જરૂરીયાતને કારણે તેને ખાસ રક્ષણ અને કાળજીની પણ જરૂર છે. બાળકોના શ્રેષ્ઠ હીતને જ પ્રાથમિકતા આપવી જોઈએ.






# બાળ અધિકારો શા માટે ?

બાળકોને અલાયદા અધિકારો જરૂરી છે કારણકે

- ❑ શરૂઆતના વર્ષોમાં બાળકો પુખ્તો ઉપર અવલંબિત
- ❑ ઓછી ઉંમરને કારણે તેમની અભિવ્યકિત મોટેરા દ્વારા સહેલાઈથી દાબી દેવાય છે
- ❑ બાળપણ એ જીવનના ઘડતરના વર્ષો છે
- ❑ તરૂણાવસ્થા એ પુખ્ત ઉંમરે પહોંચતા પહેલાની મહત્વની અવસ્થા છે
- ❑ બાળકો પોતાના સ્વતંત્ર વિચારો અને દ્રષ્ટિકોણ ધરાવતી વ્યકિતઓ છે
- ❑ બાળકોના મત, અનુભવ, અને દ્રષ્ટિકોણ મોટેરા કરતાં જુદા હોય છે
- ❑ બાળકો સમાજની પ્રગતિમાં યોગદાન આપે છે પણ તેઓ રાજકિયં કે કાનૂની પ્રક્રિયામા ભાગ નથી લઈ શકતા



# બાળ અધિકારો શા માટે ?

બાળકોને અલાયદા અધિકારો જરૂરી છે કારણકે

- બાળકો સૌથી અરક્ષિત જૂથોમાના એક હોવાથી તેઓ અત્યાચાર, ભૂખમરો, ગુલામી, આર્થિક શોષણ, ત્રાસવાદ, અપમાન, આત્યંતિક હિંસા, અવગણના, તિરસ્કૃતતા, દુર્વ્યવહાર અને કયારેક ખૂનનો પણ ભોગ બને છે
- ઘણાં બાળકો ગરીબી, અજ્ઞાનતા અને વંચિતતાના જાળામાં ફસાયેલા હોય છે અને તેથી પોતાની પુરેપુરી શકિતઓનો ઉપયોગ કરી શકતા નથી.

# જરૂરીયાત આધારીત અને અધિકાર આધારીત અભિગમ વચ્ચેનો તફાવત

| અધિકાર આધારીત અભિગમ | જરૂરીયાત આધારીત અભિગમ |
|---|---|
| ૧.નાગરિક તરીકેનો અધિકાર | ૧.લાભાર્થી |
| ૨.અધિકારો સાર્વત્રિક છે. | ૨.સમાજ અને પરિસ્થિતિ પ્રમાણે જરૂરિયાતો બદલાય |
| ૩.બાળકોના અધિકારો કોઈની ફરજ બને છે | ૩.જરૂરી નથી કે જરૂરિયાતો કોઈની ફરજ બને |
| ૪.સ્પષ્ટ જવાબદારી છે. | ૪.કોઈ જવાબદાર નથી. |
| ૫.દરેકને સમાન અધિકાર છે. | ૫.કોઈની જરૂરીયાત પૂરી થાય ને કોઈ રહી જાય. |
| ૬.સક્રિયા સહભાગિતા | ૬.બાળકોની મર્યાદીત અથવા સહભાગિતા નથી. |
| ૭.હંમેશા પાયાના પ્રશ્નો અંગે વિચારે છે. | ૭.મોટાભાગે ઉપરછલ્લા કારણો અંગે વિચારે છે. |

| | |
|---|---|
| ૮. કોઈ બાંધછોડ થઈ ન શકે. | ૮. બાંધછોડ થઈ શકે. |
| ૯. સંસાધનો મેળવે અથવા નિયંત્રણમાં રહે. | ૯. બાળકોને સંસાધનો મળતા નથી કે તેમના નિયંત્રણમાં નથી. |
| ૧૦. અધિકારો સાતત્યપૂર્વક મળવા જ જોઈએ. | ૧૦. જરૂરિયાતોની પૂર્તિ સાતત્યપૂર્વક ન થવાની સંભાવના |
| ૧૧. સંસાધનોની મર્યાદા છતાં બધાજ બાળકોને સરખાં જ હકકો લાગુ પડે છે | ૧૧. મર્યાદિત સંસાધનોને કારણે કેટલાંક બાળકોને પડતા મુકાય |
| ૧૨. અધિકારો કોટીક્રમિક હોતા નથી | ૧૨. જરૂરિયાતોને કોટીક્રમમાં ગોઠવવામાં આવે |
| ૧૩. અધિકારો હકકપ્રાપ્તિ થી મેળવાય | ૧૩. જરૂરિયાતોની પૂર્તિ સખાવત ધ્વારા થાય |
| ૧૪. હકક પ્રાપ્તિ બાળકને સ્વનિર્ભર બનાવે છે અને તેના આત્મગૌરવમાં વધારો કરે છે | ૧૪. સખાવતને કારણે સહાય મેળવનાર પરાવલંબી બને |

# અધિકાર – જવાબદારીનો દાવો

## જવાબદાર વ્યકિત

( જે અધિકારનો આદર કરે છે, પૂરા કરે છે અને સુરક્ષિત રાખે છે.)




## અધિકારી

(જેને અધિકાર છે)

# બાળ અધિકાર : ઐતિહાસિક તવારિખ

| | |
|---|---|
| ૧૯૨૩ | "સેવ ધ ચિલ્ડ્રન ઈન્ટરનેશનલ યુનિયન" દ્વારા બાળ અધિકારનો સ્વીકાર. |
| ૧૯૨૪ | બાળઅધિકારનો સ્વીકાર "લીગ ઓફ નેશન્સ" દ્વારા – પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રયત્ન/યુધ્ધની અસરો – બાળઅધિકારની પ્રથમ ઘોષણા. |
| ૧૯૪૮ | રાષ્ટ્રસંઘ દ્વારા "માનવઅધિકાર" ની ઘોષણા જેમાં બાળઅધિકારની સામેલગીરી. ઉપરાંત બાળઅધિકારો માટે અલગ ખાસ ઘોષણાપત્રની જરૂરિયાત પર ભાર મૂકાયો. |



૧૯૫૯ રાષ્ટ્રસંઘ દ્વારા બાળકોના અધિકારનો બીજું ઘોષણાપત્ર અને રાષ્ટ્રસંઘના માનવઅધિકાર કમિશને બાળકોના અધિકારના મુસદાની રચનાની દિશામાં  કાર્ય શરૂ કર્યું.

૧૯૭૯ આંતરરાષ્ટ્રીય બાલ વર્ષ તરીકે ઉજવાયું. ૧૦ મુદ્દાની ઘોષણા કરવામાં આવી.

૧૯૮૯ "બાળઅધિકારોનું ખતપત્ર" તૈયાર કરવાની કામગીરી પૂર્ણ થઈ અને તેનો રાષ્ટ્રસંઘ દ્વારા સ્વીકાર થયો.

૧૯૯૨ ભારત દ્વારા બાળઅધિકારના ખતપત્રનો સ્વીકાર

# UNCRCના  સિધ્ધાંતો

- **સમાનતાનો સિધ્ધાંત Principle of non-discrimination**


જે દેશોએ UNCRCને સમર્થન આપ્યુ હોય તે દેશોના બધાં જ બાળકોને આ સિધ્ધાંત પ્રમાણે આવરી લેવાયા છે

- UNCRC બાળકીઓને કોઈપણ ભેદભાવ વગર ચારેય અધિકારો આપવા બંધાયેલ છે
- મોટેરાઓ અને સરકારોની એ જવાબદારી છે કે બાળકોને તેમના હકકોની પ્રાપ્તિ થાય
- વિશિષ્ઠ ક્ષમતાવાળા બાળકોને UNCRC સંભાળ, શિક્ષણ અને પુનઃવસન આપવાની બાંહેધરી આપે છે
- **Best interest of Child** ના સિધ્ધાંત પ્રમાણે કયારેક જો માતા–પિતા કોઈ કારણોસર બાળકને ન રાખી શકે તો અન્ય વિકલ્પો બાળકના હિતમાં વિચારવા પડે.

**બાળકોના અધિકારો એ આપણી જવાબદારી છે**

# બાળકોની અવગણના શા માટે ?

- બાળકો મતદાર નથી
- બાળકો ગ્રાહક નથી
- પુખ્તો કરતાં શારીરિક રીતે ઓછા સશક્ત માટે લાચાર
- ઓછો અનુભવ
- બાળકોની નિર્ભરતા
- ૦ થી ૬ સંપૂર્ણ નિર્ભરતા
- ૬ થી ૧૨ ભાવનાત્મક નિર્ભરતા
- ૧૮ કે ૨૫ સુધી આર્થિક નિર્ભરતા



માનવ અધિકારો હંમેશા એ બાબતોને માન્ય રાખે છે કે જેમાં મૂળભૂત અધિકારો તત્કાળ મળવા જોઈએ  તથા અન્ય અધિકારો ક્રમશઃ મળતા રહેશે.

આ માટેનું કારણ એ છે કે તમામ અધિકારો પૂરા પાડવાનું દરેક દેશ અથવા જે દેશ પાસે ઓછા સંસાધનો છે તેને મુશ્કેલ બની શકે તેમ છે. તેથી આ પ્રકારે અધિકારોની વચ્ચે તફાવત   પાડવામાં આવ્યા છે.  આમ બાળઅધિકારો બે પ્રકારના છે.

# મૂળભૂત – તત્કાળ મળવાપાત્ર અધિકારો :

નાગરીક અને રાજકીય સ્વાતંત્ર્યનો અધિકાર જેમાં ભેદભાવ , દંડયુકત કાર્યવાહી તથા ફોજદારી કિસ્સાઓમાં યોગ્ય ન્યાય મળી રહે તે માટે   જુવેનાઈલ જસ્ટીસની વ્યવસ્થા, જીવન જીવવાનો અધિકાર.

રાષ્ટ્રીયતા, કુટુંબ સાથે રહેવાનો, નાત જાત અને ધર્મ સ્વાતંત્ર્ય તથા સલામતીનો અધિકાર.

## પ્રગતિશીલ અથવા ક્રમશઃ મળવાપાત્ર અધિકારો :

આર્થિક, સામાજિક  તથા સાંસ્કૃતિક અધિકારો જેમાં આરોગ્ય, શિક્ષણ તથા પ્રથમ કેટેગરીમાં સમાવેશ ન થયેલ અન્ય બાળ અધિકારોનો સમાવેશ થાય છે.

# એટલે કે .....

દરેક રાજય / દેશ પોતાની પાસે ઉપલબ્ધ સગવડો – સંસાધનોના આધારે આ તમામ બાળ અધિકારો મળતા થાય તે માટે સર્વોચ્ચ પ્રયત્ન કરશે. આ માટે જરૂર પડે તો આંતરરાષ્ટ્રીય સહકાર મેળવશે.

# બાળઅધિકારને
# મૂળભૂત ૪ ભાગમાં વહેંચી શકાય

(૧) જીવન જીવવાનો અધિકાર

(૨) શોષણ સામે રક્ષણનો અધિકાર

(૩) વિકાસનો અધિકાર અને સહભાગી થવાનો અધિકાર

(૪) સહભાગી થવાનો અધિકાર



# જીવન જીવવાનો અધિકાર

# જીવન એટલે શું ?

જીવન એટલે ફકત ટકી રહેવું તેવું જ નહીં (હરવું–ફરવું, શ્વાસ લેવા, ખાવું–પીવું, બોલવું, સૂવું  વિ. ) પરંતુ

પોતાની અને અન્યની આસપાસના વાતાવરણ સાથે તાલમેળ જાળવી, આનંદ અને સુખથી જીવવું તેનું નામ જીવન.

# જીવન જીવવા માટે જરૂરી બાબતો

- પોષક આહાર
- આરોગ્ય સવલતો
- શિક્ષણ
- કુટુંબ, સમાજનો પ્રેમ, હૂંફ
- જીવન કૌશલ્યો
- રહેઠાણ
- જીવન ઉપયોગી આવડતો અને તાલીમ
- નામ અને નાગરિકનો અધિકાર
- સન્માનનિય જીવનધોરણ

# આ બાબતો મેળવવામાં પડતી મુશ્કેલીઓ

– ભૂખમરો, ગરીબી, અપૂરતો ખોરાક
– અસમાન સામાજિક વ્યવસ્થાઓ
– સંસાધનોની અસમાન વહેંચણી
– ખોટી માન્યતાઓ, વલણો, પરંપરાઓ વિ.
– ખોટા રીતરીવાજો
– શિક્ષણની ખામીઓ
– વિવિધ પ્રકારના ભેદભાવો
– બાળકોનું અપરાધીકરણ

# કયા બાળકો સામે આવા વિશેષ પડકારો છે ?

– છોકરીઓ
– અનાથ, નિરાધાર બાળકો
– આર્થિક, સામાજિક રીતે પછાત બાળકો
– શેરીના બાળકો
– બાળમજૂરો
– અસાધ્ય રોગોથી પીડાતા બાળકો

– કુદરતી આપત્તિથી અસરગ્રસ્ત બાળકો
– યુધ્ધ વિ. થી અસરગ્રસ્ત બાળકો
– શારીરિક, માનસિક ખોડખાંપણ ધરાવતા બાળકો
– જેનું જાતિય શોષણ થયું હોય તેવા બાળકો
– લઘુમતીના બાળકો
– શિશુઓ (૧વર્ષથી નાની ઉંમરના બાળકો)
– આદિવાસી બાળકો

# જીવન જીવવાના મુખ્ય અધિકારોની કલમો.

**કલમ ૬** દરેક બાળકને જીવન જીવવા માટે અને વિકાસ માટે તમામ જરૂરી બાબતો પૂરી પાડવી


**કલમ ૨૪** શકય તેટલી શ્રેષ્ઠ આરોગ્ય સવલતો પૂરી પાડવી.

**અન્ય પેટા અધિકારો**

કલમ ૭,૮,૯,૧૯, ૨૦, ૨૧, ૨૩, ૨૬, ૨૭, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૮

આમ જીવન જીવવાના અધિકારમાં દરેક બાળકને જીવન જીવવા માટે અને વિકાસ માટે તમામ જરૂરી બાબતો પૂરી પાડવી અને શકય તેટલી શ્રેષ્ઠ આરોગ્ય સવલતો પૂરી પાડવી. જેવી બાબતો આવરી લેવામાં આવે છે.


# શોષણ સામે રક્ષણનો અધિકાર





દરેક બાળકને શોષણ સામે, ભેદભાવ સામે, બેદરકારી તથા અત્યાચાર સામે, કુટુંબ વિહોણી સ્થિતિ સામે, શરણાર્થી તરીકે સૌ પ્રથમ રક્ષણ મેળવવાનો અધિકાર છે.







# બાળકને રક્ષણનો અધિકાર શા માટે ?

* દરેક બાળકને તેના જીવનની શરૂઆત કરતો હોવાથી, તેની ઉંમર નાની હોવાથી તેનો વિકાસ થઈ રહયો હોવાથી, ખાસ પ્રકારની સલામતી–હૂંફની જરૂર હોય છે.
* જો આ સલામતી – હૂંફ પૂરી પાડવામાં ન આવે તો તેનું જીવવું મુશ્કેલ બની જાય.
* આ સંજોગોમાં બાળકને તેની જાતિ, રાષ્ટ્રિયતા, સંસ્કૃતિ કે ધર્મના ભેદભાવ કર્યા સિવાય જીવન જીવવાનો અધિકાર છે. આ મુળભૂત અધિકાર છીનવાય તેવી કોઈપણ પરિસ્થિતીને બાળકનું શોષણ કહેવાય. દરેક બાળકને આ શોષણ સામે રક્ષણનો અધિકાર છે.

# બાળકને કયાં સુરક્ષા મળવી જોઈએ ?

* દરેક બાળકને આર્થિક, શારીરિક અને જાતીય શોષણ સામે રક્ષણ મળવું જોઈએ.
* કુદરતી હોનારતો કે માનવ સર્જિત યુધ્ધના કારણે થતી અસરોમાં નિર્વાસીત બાળક તરીકે, બાળકને પ્રાથમિકતાના ધોરણે સુરક્ષા મળવી જોઈએ.


બાળકને આ અધિકાર પૂરા પાડવાની જવાબદારી સરકાર અને સમાજની છે.

# શોષણ સામે રક્ષણના અધિકારની મુખ્ય કલમો

કલમ ૨,૭,૨૩,૩૦ – ભેદભાવ સામે રક્ષણ

કલમ ૧૦,૧૧,૧૬,૧૯, ૨૦,૨૧,૨૫, ૩૨ થી ૩૭, ૩૯,૪૦ – શોષણ સામે રક્ષણ

કલમ ૧૦,૨૨,૨૫,૩૮,૩૯ – આપત્તિ સામે રક્ષણ




# વિકાસનો અધિકાર

# વિકાસનો અધિકાર એટલે શું ?

વિકાસના અધિકારમાં તમામ પ્રકારનું શિક્ષણ (વૈધિક, તથા અવૈધિક) તથા બાળકના શારીરિક, માનસિક, આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક તમામ પ્રકારના વિકાસ માટે યોગ્ય જીવનધોરણનો સમાવેશ થાય છે.

# બાળકોના વિકાસના અધિકારની મુખ્ય  કલમો

| | |
|---|---|
| કલમ  ૧૭ | માહિતી |
| કલમ  ૨૮,૨૯ | શિક્ષણ |
| કલમ  ૩૧ | રમતગમત તથા  મનોરંજન |
| કલમ  ૩૧ | સાંસ્કૃતિક ગતિવિધીઓમાં   સહભાગિતા |
| કલમ  ૧૪ | વિચારોની અભિવ્યકિત અને ઘર્મસ્વતંત્રતા |
| કલમ  ૫,૬,૧૩,૧૪, તથા  ૧૫ | સામાજિક અને માનસિક વિકાસ |
| કલમ  ૬,૭ | નામ   અને રાષ્ટ્રની સ્વતંત્ર ઓળખ |
| કલમ  ૨૪ | આરોગ્ય   અને શારીરિક વિકાસ |
| કલમ  ૧૨,૧૩ | બાળકને પોતાની વાત રજૂ  કરવાનો અને તેને બીજા  સાંભળે તેવો અધિકાર છે. |
| કલમ  ૯,૧૦,૧૧ | કુટુંબની હૂંફ |



પોતાની વાત રજૂ કરવાની તથા
બીજા સાંભળે તેનો અધિકાર
શિક્ષણનો અધિકાર
માહિતી નો અધિકાર
કુટુંબની હૂંફ અને પ્રેમ
મેળવવાનો અધિકાર
વિકાસ
બાળકો

# સહભાગીતાનો અધિકાર



બાળકને અસર કરતી તમામ બાબતો અંગે અભિવ્યકિત કરવાનો, માહિતી મેળવવાનો, નિર્ણાયક બનવાનો, સ્વતંત્રતા મેળવવાનો અધિકાર છે.



બાળકોની સહભાગિતા એટલે
બાળકો પર વધુ પડતી
જવાબદારીનો બોજ લાદયા વીના
બાળકોની સક્ષમતા માટેની પ્રક્રિયા

બાળકોને સહભાગિતાના અધિકારનો નકાર

એટલે

બાકીના અધિકાર કેવળ સેવાઓની ખાતરી જ
બની રહે છે.

# સહભાગિતાના અધિકારનું મહત્વ શું  છે ?

– આ અધિકાર અંગે લોકો કહે છે કંઈક ને કરે છે કંઈક
– બાળકનો સહભાગિતાનો અધિકાર એ તેના બાળપણ માટે, સમાજમાં, વિકાસમાં તેની ભાગીદારી માટે તથા સંસ્કૃતિની મૂળ ઓળખ માટે જરૂરી છે
– દરેક બાળક એ વિકસતું સ્વતંત્ર વ્યકિતત્વ છે જેને પોતાની લાગણી અને મંતવ્યો છે.
– બાળકને પોતાની જરૂરિયાત વિશે બરાબર સમજ છે અને જો તેમને યોગ્ય મદદ અને આદર મળે તો તેઓ સમજદારી અને જવાબદારીપૂર્વક યોગ્ય નિર્ણયો લઈ શકે છે અને સૂચનો કરી શકે છે.

# સહભાગિતા અંગે મહત્વની કલમો.

**કલમ ૧૨** પોતાની જીંદગી અંગેના મંતવ્યો ઘડવાનો તથા રજૂ કરવાનો અને તેની ઉંમર તથા પુખ્તતાના ધોરણે તેનો સ્વીકાર થાય તેવો અધિકાર.

**કલમ ૧૩** પોતાને લગતી માહિતી મેળવવાનો તથા પોતાના અભિપ્રાયોને વ્યકત કરવાનો અધિકાર.

**કલમ ૧૫** અન્ય બાળકો સાથે હળવા મળવાનો તથા સંગઠન રચવાનો અધિકાર.


**કલમ ૧૭**

બાળકોને માહિતીના પૂરતા સ્ત્રોત/સાધનો મળી રહે, માહિતીનું પ્રસારણ થાય તથા બાળકના સામાજિક / સાંસ્કૃતિક વિકાસ માટે પૂરતી તકો મળી રહે તેવો અધિકાર.

**કલમ ૧૮**

બાળકના ઉછેરમાં માતા–પિતા બંનેની સમાન જવાબદારીને રાજયએ મહત્વ આપવાનું રહેશે તથા રાજયની પણ જવાબદારી ગણાશે. રાજયએ કામ કરતા વાલીના બાળકોની સંભાળની વ્યવસ્થામાં સહાય કરવાની રહેશે.

બાળકોની સક્ષમતા માટે તેમને નીચેની બાબતો મેળવવી પડે.



## ***માળખું :***

લોકશાહી સંસ્થા અને નેતૃત્વ


## ***માહિતી :***

માહિતી પર નિયંત્રણ

માહિતી મેળવવી, તેનું પૃથકરણ કરવું અને તેનો ઉપયોગ કરવો.

## ***સંસાધનો :***

આર્થિક અને માનવીય સંસાધનો મેળવવા અને તેનો ઉપયોગ કરવો.


આભાર